# વિભાગ-B

**નીચે આપેલા પ્રશ્નોના આશરે ૪૦ થી ૫૦ શબ્દોમાં માંગ્યા મુજબ ઉત્તર આપો. (દરેક પ્રશ્ન - ગુણ ૨)**

## ૧ રાસાયણિક પ્રક્રિયાઓ અને સમીકરણો

**1.** મેગ્નેશિયમની પટ્ટીને હવામાં સળગાવતા પહેલા શા માટે સાફ કરવામાં આવે છે?

**2.** જયારે પાણી અને કાર્બન ડાયોક્સાઈડ સમાન ગુણોત્તરમાં સૂર્યપ્રકાશની હાજરીમાં પ્રક્રિયા કરે છે ત્યારે શું થાય છે?

**3.** નીચેની બે પ્રક્રિયાઓમાં કયો તફાવત જોવા મળે છે ?

(1) Mg + 2Hcl $\longrightarrow$ Mgcl2 +H2

(2) NaoH + Hcl $\longrightarrow$ Nacl + H2O

**4.** રોજીંદા જીવનમાં જોવા મળતી રાસાયણિક પ્રક્રિયાઓ લખો.

**5.** રાસાયણિક પ્રક્રિયા દરમ્યાન કેવા ફેરફારો જોવા મળે છે?

**6.** રાસાયણિક પ્રક્રિયા દરમ્યાન નીપજનું નિર્માણ કેવી રીતે થાય છે?

**7.** સંયોગીકરણ પ્રક્રિયા કોને કહે છે ? ઉદાહરણ આપી સમજાવો.

**8.** કોલસાનું દહન અને પાણીનું નિર્માણ એ કયા પ્રકારની પ્રક્રિયા છે ? સમીકરણ લખો.

**9.** પદાર્થ X નું દ્રાવણ ઢોળવા માટે વપરાય છે.

(1) પદાર્થ X નું નામ આપો અને સૂત્ર લખો.

(2) પદાર્થ X ની પાણી સાથેની પ્રક્રિયા લખો.

**10.** લોખંડની વસ્તુઓ પર આપણે રંગ શા માટે લગાવીએ છીએ?

**11.** નીચેના પદોને એક ઉદાહરણસહિત સમજાવો.

(a) ક્ષારણ (b) ખોરાપણું